મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

# સે-૨૧ માર્કેટમાં આડેધડ પાર્કીંગ નહી ચલાવાય

## પાર્કીંગમાં વાહન પાર્ક નહી હોય તે વાહન ટોઈંગ કરી લેવાશે : સે-૨૧ની ચાર બિનવપરાશી જગ્યાને પાર્કીંગ બનાવવા દરખાસ્ત : ટ્રાફીકની સમસ્યા નિવારવા એસ.પી.ની કડક સુચના

ગાંધીનગર, તા.૪

શહેરના સેકટર-૨૧ શાક માર્કેટ અને શોપીંગ સેન્ટર આપસાર આડેધડ વાહન પાર્કિંગને પગલે ટ્રાફીકની સમસ્યા અત્યંત શિરદર્દ સમાન બની ગઈ છે. આ સમસ્યા નિવારવા માટે આ વિસ્તારમાં શું કરવું જોઈએ તે સહીતનો ઉંડો અભ્યાસ ગાંધીનગર એસ.પી. અને જિલ્લા કલેકટર સહીતના અધિકારીઓ દ્વારા કરાયો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા તે માટેના કેટલાક સુચનો સાથેની દરખાસ્ત કરી છે. જેમાં સે-૨૧ના ચાર બિનવપરાશી મેદાનોને પાર્કીંગ પ્લેસ બનાવવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સાથોસાથ પ્રાથમિક તબક્કે ટ્રાફીક પોલીસને કડક સુચના આપી દેવાઈ છે કે આ વિસ્તારમાં હવે આડેધડ પાર્કીંગ થયેલું દેખાય તો કોઈની શેહશરમ રાખ્યા વિના તેને ટોઈંગ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરવી..!

સેકટર-૨૧ શોપીંગ અને માર્કેટ આસપાસની પેચીદી બનેલી ટ્રાફીકની સમસ્યાના નિરાકરણ માટે ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે જિલ્લા કલેકટરને જરુરી પોઈન્ટસ દર્શાવતી દરખાસ્ત કરી છે. જેમાં સે-૨૧ જીમખાના ચાર રસ્તાની બાજુમાં અને લક્ષ્મી બેકરી સામે બે જુના બગીચા છે તે હાલ બંધ હાલતમાં છે બિન ઉપયોગી આ બંને બગીચાનો પાર્કીંગ માટે ઉપયોગ કરાય તો સે-૨૧ને બે મોટા પાર્કીંગ પ્લેસ મળી શકે તેમ છે. સે-૨૧ પટ્રોલ પંપ પાસે ગેરેજો આવ્યા છે ત્યાંની જગ્યાનું લેવલીંગ કરી પાર્કીંગ બનાવી શકાય તેમ છે. ઓશીયા મોલની પાછળ ખુલ્લી જગ્યા છે તેને લેવલીંગ કરી પાર્કિંગ બનાવી શકાય છે ઉપરોકત ચાર બિનવપરાશી જગ્યાઓ પર પાર્કીંગ બનાવી શકાય તેમ છે. આ પાર્કીંગમાં વાહનો પાર્ક થાય તો મોટા ભાગની સે-૨૧ની ટ્રાફીકની સમસ્યા હળવી થઈ શકે તેમ છે. દબાણમાં ઉભા રહેતા પાથરણા અને લારીવાળાને યોગ્ય સ્થાને ફુટપાથથી દુર જગ્યા આપવામાં આવે તો સમસ્યા હળવી થાય તેમ છે. આ પ્રકારના વિવિધ આઠ જેટલા સુચનો કરવામાં આવ્યા છે. આ દરખાસ્ત અંગે કોઈ નિર્ણય લેવાય ત્યાં સુધીમાં ટ્રાફીક પોલીસે ત્યાં પર્મનેન્ટ પોઈન્ટ ગોઠવી આડેધડ પાર્ક થતા વાહનો ટોઈંગ કરી દંડનીય કાર્યવાહી સઘન બનાવવા કડક સુચના આપી દેવામાં આવી છે.

## @ગાંધીનગર

● ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડીગ્રી, એન્જીનીયરીંગ અને ફાર્મસી જેવા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સવારે ૧૦.૩૦ કલાકે સેમિનાર સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સે-૧૨ના ડૉ. આંબેડકર હોલ નજીક 'ગ' માર્ગ પર એક રીક્ષા ચાલકે સોડાની લારીવાળાને હડફેટે લેતા લારીને નુકશાન કર્યું હતું. આ કારણે સોડાની લારીવાળાએ વળતરની માંગ કરતા એકઠી થયેલી પબ્લિકને જોઈ રીક્ષાવાળો રીક્ષા મુકીને ભાગી ગયો હતો અંતે સોડાવાળાએ રીક્ષાની ચાવી જપ્ત કરી લીધી હતી.

● સંવેદનશીલ ફરજના સમયગાળા દરમિયાન પોલીસના કોન્સ્ટેબ્યુલરી સંવર્ગ એટલે કે લોકરક્ષક, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તથા એએસઆઈ વગેરે કર્મચારીઓ દ્વારા વિશિષ્ટ ફરજો દરમિયાન પોતાના મોબાઈલ ફોન પર વાતચીત કરવી, સ્માર્ટફોનની એપ્લીકેશનમાં વ્યસ્ત રહેવું અને સંદેશાની આપ-લે કરવી જેવી ફરિયાદો ઉઠવા પામી છે. આ કારણે બંદોબસ્તની વિશિષ્ટ ફરજ દરમિયાન ફોન ચાલુ રાખવાની સુચના આપેલ હોય તે સિવાય ચાલુ ફરજે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડાશે તો શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેવો આદેશ જારી કરાયો છે.

# શહેરમાં કેસર કેરીના બોક્ષનો ભાવ રૂ.૭૦૦ થી ૯૦૦

ગાંધીનગર, તા. ૪

ઉનાળાનો પ્રારંભ થતા જ શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ઉનાળાની શરુઆત થતા જ ગાંધીનગર શહેરના બજારોમાં ફળોમાં રાજા ગણાતા કેરીનું આગમન થઈ ગયું છે. શહેરના બજારો તેમજ માર્ગો પર કેરીના વેપારીઓ અડીંગો જમાવી બેસી ગયા છે. શહેરમાં કેસર કેરીના બોક્ષનો ભાવ રૂ.૬૦૦ થી ૯૦૦ ચાલી રહ્યો છે. જયારે કેરીના છુટક બજારમાં કેરીનો ભાવ રૂ. ૮૦ થી ૧૦૦ ની આસપાસ ચાલી રહ્યો છે. જયારે ચ-૩ પાસે આવેલ કેસર કેરી મહોત્સવમાં ઓર્ગેનીક કેસર કેરીનો ભાવ સૌથી વધુ છે. તાલાલા ગીરની કેસર કેરી નગરજનોમાં સૌથી પ્રિય છે ત્યારે ચટુકડા નગરજનો કેસર કેરીની ખરીદી કરતા નજરે પડી રહ્યા છે.

કેરી એ દેશનું રાષ્ટ્રીય ફળ છે. આ ફળ લગભગ દેશના

દરેક રાજયમાં જોવા મળે છે. કેસર, રત્નાગીરી હાફુસ, લંગડો, રાજાપુરી, તોતા, રત્નાગીરી, બદામ સહિતની કેરીની ૨૪ જાત જોવા મળે છે. કેરીનું ઉત્પાદન ઉનાળાની સિઝન દરમિયાન થતુ હોય છે. કેરીમાં પ્રોટીન યુકત તત્વો હોવાથી તે ગુણકારી પણ ગણાય છે તેથી સિઝનમાં નગરજનો મન મુકીને કેરી ખાય છે. ત્યારે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગરમીની શરૂઆતના પ્રારંભે જ તાલાલા ગીરની કેસર કેરીનું બજારમાં આગમન થઈ ચુક્યું છે. શહેરના ઘ અને ચ માર્ગ સિવાય મુખ્ય બજારો ઉપરાતં ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વેપારીઓએ અડીંગા જમાવી દીધા છે. કેસર કેરી ૯ કિલોથી વધુના બોક્ષનો ભાવ રૂ. ૭૦૦ થી ૯૦૦ જોવા મળી રહ્યો છે. જયારે ચ-૩ પાસે ઓર્ગેનીક કેસર કેરીના બોક્ષનો ભાવ રૂ.૮૫૦ થી ૯૦૦ સુધીનો છે. જયારે કૃષિ ભવન ખાતે કેસર કેરીનું વેચાણ આગામી દિવસોમાં શરુ થવાની સંભાવના છે. હાલના સમયે તો જુનાગઢ તરફથી કેસર કેરીનો જથ્થો શહેરમાં આવી રહ્યો છે. હજુ વલસાડ અને કચ્છની કેસર કેરીના આગમન થવાની તૈયારી છે. જયારે રત્નાગીરી હાફુસ તો એક નંગ પર વેચાણ થઈ રહી છે. કેસર કેરીના વેપારીઓના મતે હાલના સમયે જોઈએ તે પ્રમાણેનો વેપાર થઈ રહ્યો નથી. હાલ જે ભાવ કેસર કેરીના ચાલી રહ્યા છે, તે મધ્યમ વર્ગને પોસાય તેવા નથી. ત્યારે આગામી સમયમાં બજારમાં કેસર કેરીનો જથ્થો વધુ પ્રમાણમાં આવતા ભાવ પણ નીચા આવે તેવી શકયતાઓ રહેલી છે. જેને પગલે વેચાણમાં પણ વધારો જોવા મળશે. છતા પણ સ્વાદના ચટુકડા નગરજનો તો ગરમીની સાથે સાથે કેસર કેરીની પણ લિજ્જત માણી રહ્યા છે.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલમાં પક્ષી પરબનું વિતરણ કરાયુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલક તેમજ ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિદ્યાર્થીઓમાં માનવતા અને પશુ-પક્ષી પ્રેમ પેદા થાય તથા જીવનદયાના સંસ્કારોનું સિંચન થાય તેના ભાગરૂપે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ છેલ્લા દશકાથી પક્ષી પરબનું વિના મુલ્યે વિતરણ કરે છે. કારણ કે શહેરની વનરાજીમાં ૧૩૪ પ્રકારના પક્ષીઓ વસવાટ કરી રહ્યા છે. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમી અને પાણીની અછતમાં પાણી પુરું પાડવાના અભિયાનના ભાગરૂપે આ વર્ષે પણ પક્ષી પરબનું વિતરણ કરેલ છે. ત્યારે રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ તથા ગાંધીનગર શહેર વસાહત મહામંડળના અરૂણ બુચ, શશીકાંત મોઢા, તથા પ્રદિપભાઈ સોલંકી દ્વારા ૨૫૦ વિદ્યાર્થીઓને વિનામુલ્યે પક્ષી પરબનું વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના નિવાસ સ્થાને તેમજ શાળા સંકુલમાં પક્ષી પરબ મુકવાનો પ્રારંભ કરાયો હતો. પક્ષી પ્રેમ તેમજ જીવદયાના ઉતમ ઉદાહરણને ઝીલી પક્ષી પરબ મુકી પક્ષીની તરસ છીપાવાવના અભિયાનમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

# પાલજમાં મધુર પાર્લર પાછળ જુગાર રમતા ત્રણ શખ્સો પકડાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક પાલજ ગામમાં મધુર પાર્લર પાછળ ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ શખ્સોને ચિલોડા પોલીસે રંગે હાથ દબોચી લીધા હતા. તે ઉપરાંત બાતમી આધારે આલમપુર ગામમાં દરોડો પાડી ચિલોડા પોલીસે દેશી દારુની ચાલુ ભટ્ટી શોધી કાઢી હતી અને બે બુટલેગરોને પકડી પાડયા હતા.

ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાની સુચનાથી તેમની ટીમ દારુ જુગારની બદી દુર કરવા સક્રીય છે ત્યારે ચોકકસ બાતમી આધારે ચિલોડા પોલીસે પાલજ ગામમાં મધુર પાર્લર પાછળ ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ત્રણ શકુનીઓને પકડયા હતા. પાલજ ગામના પ્રદિપ હરીશ ચાવડા, અરવિંદ પુજા રાવલ અને દશરથ ખોડા રાવલ મળી ત્રણેય શખ્સોને રૂ. ૭૦૦ રોકડા તથા એક બાઈક સહિત કુલ રૂ. ૧૫,૭૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ આલમપુર ગામની સીમમાં ફુલા બાદર ઠાકોર તેના ખેતરમાં દેશી દારુ ગાળે છે તેવી બાતમી મળતા આલમપુરમાં દરોડો પાડી ફુલા બાદર ઠાકોર અને પુંજા બાદર ઠાકોરને દેશી દારુ ગાળતા ચાલુ ભટ્ટી સાથે ઝડપી લીધા હતા. ચિલોડા પોલીસે બંને કેસ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાંઈ સંકુલ ખાતે નગરસેવક દ્વારા ઠંડા પાણીની વ્યવસ્થા કરાઈ

ગાંધીનગર શહેરના સે-૧૫ ખાતે આવેલ સાંઈ સંકુલ ખાતે વિવિધ રમતો રમી રહેલા ખેલાડીઓ માટે ગાંધીનગરના નગરસેવક નાજાભાઈ ઘાંઘર દ્વારા ઠંડા પાણીની વ્યવસ્થા કરાઈ છે. નગરસેવકના સ્વ ખર્ચે ખેલાડીઓ માટે ઠંડુ મીનરલ પાણી મળી રહે તે માટે આર.ઓ. વાળુ વોટરકુલર ગ્રાઉન્ડ પાસે મુકવામાં આવ્યું છે. આ વોટરકુલરનું ઉદઘાટન કબડ્ડીના સ્ટાર ખેલાડી રાહુલ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેલાડીઓ, કોચ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૧૪ની જીપીએસસીમાં સફળ થનાર ૧૯ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો શંકાસ્પદ

## સરકાર દ્વારા રચવામાં આવેલી વિજીલન્સની ટીમે હાલ જાતિ પ્રમાણપત્રોની તપાસ કામગીરી ૫૦ ટકા પૂર્ણ કરી દીધી છે : આગામી તપાસમાં આ આંકડો વધવાની શકયતા છે

ગાંધીનગર, તા.૪

સરકારમાં ખોટા જાતિના પ્રમાણપત્રોના આધારે નોકરીમાં લાગેલા કર્મચારીઓના જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે ટ્રાઈબલ ડિપાર્ટમેન્ટની દેખરેખ હેઠળ થોડા સમય અગાઉ ૧૦ વિજીલન્સ ટીમો બનાવવામાં આવી હતી. વિજીલન્સની ટીમે રાજયભરમાં નોકરી લાગેલા ૫૦ ટકાથી વધુ કર્મચારીઓના જાતિ પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ કરી દીધી છે. જેમાં ૨૦૧૪ની જીપીએસસીની વર્ગ-૧ અને ૨ની પરીક્ષામાં પાસ થનાર ૧૯ જેટલા કર્મચારીઓના જાતિ પ્રમાણપત્રો શંકાસ્પદ હોવાનું બહાર આવ્યું છે.

વિજીલન્સના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર છેલ્લા ૧૦ વર્ષમાં રાજય સરકારના વિવિધ વિભાગોમાં જુદા જુદા ભરતી બોર્ડ દ્વારા મોટી સંખ્યામાં કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. સરકારમાં થતી ભરતીઓમાં અનેક કૌભાંડો અને ગેરરીતિ સામે આવી છે. થોડા સમય અગાઉ સરકારી ભરતીઓમાં ખોટા અનુસૂચિત જાતિ-જનજાતિના પ્રમાણપત્રોના આધારે અનામતનો લાભ લઈ વિવિધ પદો પર નોકરીએ લાગી ગયા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. સંખ્યાબંધ ફરિયાદો સરકારમાં થતા સરકાર હરકતમાં આવી ગઈ હતી. સરકારે થોડા સમય અગાઉ ટ્રાઈબલ વિભાગના વડપણ હેઠળ તપાસ માટે ૧૦ જુદી જુદી વિજીલન્સ ટીમ બનાવવામાં આવી હતી. ટીમોએ તપાસની કાર્યવાહી તેજ કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો. વિજીલન્સની ટીમોએ અત્યાર સુધીમાં ૫૦ ટકાથી વધારે કર્મચારીઓના પ્રમાણપત્રોની તપાસની કામગીરી પૂર્ણ કરી દીધી છે. આ તપાસમાં ૧૯ જેટલા શંકાસ્પદ પ્રમાણપત્રો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. વર્ષ ૨૦૧૪માં લેવાયેલી જીપીએસસીની પરીક્ષા પાસ કરી નોકરી મેળવનાર ૧૯ જેટલા વર્ગ-૧ અને ૨ના અધિકારીઓનો સમાવેશ થાય છે. હજુ આ વિજીલન્સની તપાસ ચાલુ જ છે. આગળના સમયમાં વધુ નામ ખુલવાની શકયતા છે.

આ વિજીલન્સની તપાસમાં ૨૦૧૭માં જીપીએસસીની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોના નોકરીના ઓર્ડરો પણ અટવાઈ પડયા છે.

## જણસારી જનક્ષત્રિય મોચી સમાજની બેઠક યોજાશે

શહેરમાં વસતા મોચી સમાજની બેઠક ૬ મેના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકર હોલ ખાતે મળશે.

ગાંધીનગર શહેરમાં વસતા સમસ્ત મોચી સમાજના શૈક્ષણિક કાર્યક્રમો અને આયોજન થકી સમાજનો વિકાસ થાય તે માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન અને આગામી કાર્યક્રમ અંગે બેઠક ૬મેના રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકર હોલ ખાતે મળશે.

## રવિવારે 'સાહિત્ય અને સામાજિક નિસ્બત' વિષયે ડૉ. વિનોદ જોશીનું વકતવ્ય

સાંપ્રત સમયમાં સદભાવમાં સંવેદના અને સમન્વયના પર્યાયની ખોજમાં વિચારશીલ અને ચિંતનશીલ વ્યકિતઓના સમાલાપ થાય તે જરુરી જણાય છે. આ વિષયે વિચાર વિમર્શ હેતુસર ગાંધીનગરના વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ દ્વારા ડૉ. વિનોદ જોશીના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ વકતવ્ય તા ૬ઠ્ઠી મે રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧ વાગ્યા દરમિયાન સેકટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતેની એસ.કે. પટેલ ઈન્સ્ટિટયુટના કલાસ રૂમ નં. ૪ ખાતે યોજાશે જે માટે શ્રોતાઓએ કેમ્પસના ગેટ નં.૨થી પ્રવેશ મેળવવાનો રહેશે. આ કાર્યક્રમમાં ડૉ. જોશી 'સાહિત્ય અને સામાજિક નિસ્બત' વિષયે તેમનું વકતવ્ય રજુ કરશે. જેનો લાભ લેવા ગાંધીનગરની જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સે-૨૪માં શાંતિનાથ પ્રભુજીની પ્રતિમાની પ્રતિષ્ઠા

ગાંધીનગરના સેકટર-૨૪માં જૈન દેરાસર ખાતે પ્રતિષ્ઠા પર્વ ઉજવાઈ ગયું આ ઉત્સવમાં ચોવીસી પરિકરવાળા શ્રી શાંતિનાથ પ્રભુજીની પંચધાતુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રતિષ્ઠા પર્વમાં શહેરના અનેક જૈન શ્રધ્ધાળુ પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## સે-૨૪માંથી એસઓજીએ દારૂની બોટલો સાથે એકને પકડયો

ગાંધીનગર એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૪ શોપીંગથી સરકારી કવાટર્સ તરફ એક શખ્સ દારુની બોટલો લઈને જઈ રહ્યો છે. જેને આધારે સ્થળ પર જઈ થેલા સાથે એક શખ્સને પકડી પાડયો હતો. સે-૨૪ ત્રણ માળીયા જ-૧ કેટેગરીના મકાન નં. ૧/૨માં રહેતા આશિષ વનમાળીદાસ કટારીયાને પકડી થેલો તપાસતા તેમાંથી ૯ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. આશિષની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

## રાંધેજા રોડ પર મોદી ભવન પાછળથી વોડકા સાથે યુવાન પકડાયો

પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે રાંધેજા ચોકડીથી પેથાપુર રોડ ઉપર મોદી ભવન પાછળ એક શખ્સ વિદેશી દારુ લઈને જઈ રહ્યો છે. આ બાતમી આધારે દરોડો પાડીને પેથાપુરના જયદીપ જશવંતસિંહ રાઠોડને છ નંગ વોડકાની બોટલ સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પેથાપુર પોલીસે વોડકાની બોટલો જપ્ત કરી આ માલ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં લઈ જવાઈ રહ્યો હતો તેની પુછતાછ શરુ કરવામાં આવી છે.

# સાદરા રોડ પરથી દારૂનો જથ્થો ભરેલી કોરોલા કાર પકડાઈ

## એસઓજીની ટીમે વૉચ ગોઠવીને રૂ. ૩ લાખના મુદ્દામાલ સાથે મોટી શિહોલીના શખ્સને ઝડપી લીધો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસઓજીની ટીમે બાતમી આધારે સાદરા રોડ ઉપર વૉચ ગોઠવી વિદેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને કોરોલા કાર સાથે પકડી પાડયો છે તેની કારમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની ૫૫ બોટલો મળી આવી હતી. રૂ. ૪૧,૯૦૦નો વિદેશી દારુ અને કાર મળી કુલ રૂ. ૨,૯૬,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી એસઓજીની ટીમે એક શખ્સને પકડી પાડી તેની ઉંડી પુછતાછ શરુ કરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ જે.આર. કરોતરી સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમી આધારે સાદરા રોડ ઉપર વૉચ ગોઠવી હતી. શિહોલી મોટી ગામથી દશેલા ગામ તરફ જતા રોડ ઉપરથી પસાર થતી જીજે ૧૮ એ એમ ૭૫૧૪ નંબરની કોરલા ગાડી પકડી તેમાં તપાસ કરતા અંદરથી રૂ. ૪૧,૯૦૦ની કિંમતની ૫૫ નંગ વિદેશી દારૂની સ્કોચ સહિતની બોટલો મળી આવી હતી. મોટી શિહોલી ગામમાં સ્વસ્તિક સોસાયટીમાં રહેતા સત્યવાન મોહન ગંગારામ નલવાડે નામના શખ્સને દારૂના જથ્થા અને કાર મળી કુલ રૂ. ૨,૯૬,૯૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની ઉંડી પુછપરછ હાથ ધરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. કપીલાબેન ભગવતપ્રસાદ ઠાકર, ઉ.વ ૭૦
- સ્વ. બિહોલા રણજિતસિંહ રજુજી, ઉ.વ. ૪૦
- સ્વ. મનસુખભાઈ લક્ષ્મણભાઈ કુઢેલીયા, ઉ.વ. ૬૩